## બે દિવસે સાદરા નદીમાં ડુબેલા યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૭

સાદરા ગામમાં રહેતો ૨૫ વર્ષીય મંગાજી મોહનજી ઠાકોર તેના મિત્ર સાથે બે દિવસ પહેલા સાદરા પાસે જક્ષિણી માતાના મંદિર પાછળથી પસાર થતી નદીમાં ન્હાવા પડયો હતો અને પગ લપસતા ડુબી ગયો હતો. બે દિવસથી ફાયરબ્રિગેડ અને તરવૈયાઓની મદદથી યુવાનની શોધખોળ ચાલી રહી હતી.

દરમિયાન આજે વહેલી સવારે ડુબી ગયેલા યુવાનનો મૃતદેહ મળ્યો હતો. ચિલોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે મોકલીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## કોલવડાની શાળામાં મહિલા શિક્ષણ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૭

કોલવડા ગામે આવેલી કમળાબેન કેશવલાલ પટેલ વિદ્યાલય ખાતે મહિલા શિક્ષણ દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધો-૧ થી ધો-૧૨ના પાંચસોથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં શાળાના કિન્નરીબેન સાગરે મહિલાનું સમાજમાં સ્થાન શિક્ષણ દ્વારા ઉન્નતિ, વિશ્વ કક્ષાએ મહિલાઓની પ્રગતિ અને દરેક ક્ષેત્રોમાં મહિલાની ભૂમિકા અંગે અસરકારક પ્રવચન આપ્યું હતું. શાળાના આચાર્યા ભાવનાબા એ. વાઘેલા, નારાયણભાઈ પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન બાબુભાઈ પ્રજાપતિએ કર્યું હતું.

# છેલ્લા મહત્વના પડાવ પર લેહ સુધીની કપરી સાયકલ યાત્રા : ૪૯૬ કિ.મી.ની સફર સંપન્ન



ગાંધીનગરના યુવાન અને સાહસિક ફોટો જર્નાલિસ્ટ આલોક બ્રહ્મભટ્ટ મનાલીથી લેહ સુધીની કપરામાં કપરી ૪૯૬ કિલોમીટરની સાઈકલ યાત્રા સફળતાપૂર્વક પુરી કરીને શુક્રવારે સવારે ૧૦.૦૦ કલાકે ક્ષેમ કુશળ લેહ પહોંચી ગયા છે. ગાંધીનગરથી ખાસ તેમને આવકારવા વિમાન માર્ગે લેહ પહોંચેલા તેમના ધર્મપત્નિ શ્રીમતી સ્નેહા બ્રહ્મભટ્ટે લેહમાં તેમનું ઉ×માભર્યું સ્વાગત કર્યું હતું. ગાંધીનગરથી ગત તારીખ ૨૭-મી જુલાઈ એ પોતાની સાઈકલ અને સાધન સરંજામ સાથે જીપ માર્ગે નિકળેલા આલોક બ્રહ્મભટ્ટ સાથે અમદાવાદના બે સાહસિક યુવાનો પાર્થ બ્રહ્મભટ્ટ અને પાર્થ ચૌધરી પોતાની થાર-જીપ સાથે સહયોગમાં જોડાયા છે. બે દિવસ લેહમાં વિરામ કરીને આલોક બ્રહ્મભટ્ટની સાઈકલ યાત્રા તા. ૧૦મી ઑગસ્ટને સોમવારે પુનઃ લેહથી શરૂ થશે અને ખારદુંગલા-નુબ્રા પહોંચશે જ્યાં સાઈકલ યાત્રાનું સમાપન થશે. આલોક બ્રહ્મભટ્ટ લેહથી તા. ૧૬મી ઑગસ્ટે ગાંધીનગર આવશે. ૩૧ વ×ર્ષીય સાહસિક સાયકલ ×વાસી શ્રી આલોક બ્રહ્મભટ્ટના સ્વાગત માટેની ભવ્ય તૈયારીઓ ગાંધીનગરમાં ચાલી રહી છે.

# મંડાલી ગ્રામ પંચાયતનો કલાર્ક લાંચ લેતા પકડાયો

### મહિલા તલાટી અને કલાર્કે મળીને એન.એ. થયેલી જમીનના પ્લોટોની પંચાયતના ચોપડે નોંધ કરવા લાંચ માંગી હતી

ગાંધીનગર, તા.૭

જિલ્લાના માણસા તાલુકામાં સ્થિત મંડાલી ગ્રામ પંચાયતના ઈન્ચાર્જ મહિલા તલાટી અને કલાર્કે મળીને એન.એ. જમીના પ્લોટોની પંચાયતના ચોપડે નોંધ કરાવવા માટે લાંચ માંગી હતી. ૨૧ હજારમાંથી રકઝકના અંતે ૧૭ હજારમાં નોંધ પાડવાનું નક્કી થયું અને જમીન માલિકે એસીબીને ફરિયાદ કરી દેતા ગાંધીનગર એસબીની ટીમે ટ્રેપ ગોઠવી રૂ. ૧૭ હજાર લાંચ લેતા કલાર્કને રંગે હાથ ઝડપી પાડયો હતો. જયારે મહિલા તલાટી હજુ ફરાર છે.

મહેસાણાના અંકિતકુમાર મહેન્દ્રભાઈ પટેલે પોતાની જમીન એન.એ. કરાવ્યા બાદ જમીન પર ૨૧ પ્લોટ પાડયા હતા જે પ્લોટ નં. ૭/૧૨, ૮-અના પત્રકમાં એન્ટ્રી થઈ ગઈ હતી પરંતુ માણસાની જે ગ્રામ પંચાયતના ચોપડામાં એન્ટ્રી કરવાની

● અનુસંધાન પાના ૭ પર

# આવતીકાલે ગાંધીનગરમાં 'આદિવાસી દિવસ'ની ઉજવણી

ગાંધીનગર, તા. ૭

દર વર્ષે ૯મી ઓગસ્ટને વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જેના ભાગરૂપે આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત દ્વારા આગામી તા. ૯ ઓગષ્ટ ૨૦૧૫ના રોજ પંડિતદિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, રાયસણ, ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રિય આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવશે. સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન યોજાનાર ઉજવણી કાર્યક્રમમાં આદિજાતિઓના વિવિધ સમુદાય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વૃદ્ધો અને અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર પ્રાંતકક્ષાના ગરીબ કલ્યાણ મેળો આજે દહેગામ ખાતે તો જિલ્લા કક્ષાનો વન મહોત્સવ ઈસનપુર-મોટા ખાતે યોજાયો હોવાની જિલ્લાની કચેરીઓના કર્મચારીઓની રજા બગડતાં ગણગણાટ સાંભળવા મળ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં આજે સ્વાધ્યાય પરિવારના જયશ્રી દીદી અતિથિ બનતાં સ્વાધ્યાય પરિવારોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. જયશ્રી દીદીનો અતિથ્ય સત્કાર મેયર શ્રીમતિ હંસાબેન મોદી, ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ તથા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલે કર્યો હતો.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જુનિયર ક્લાર્કમાંથી સિનીયર ક્લાર્કના પ્રમોશન માટે ખાતાકીય પસંદગી સમિતિની આજે બેઠક મળી હતી.

● મધુર ડેરીની ચૂંટણી માટે મતદાર યાદીની ઘોષણા કરી દેવાઈ છે. આ ચૂંટણીમાં દરેક મતદાર પાંચ મત આપી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની પસંદગી કરશે.

● ચ-૩ નજીક બાલનગરીની મુદત પુરી થતાં તેને નહિ ચલાવવા ગાંધીનગર મામલતદારે નોટીસ આપી છે.

● સેક્ટર-૨૮ની વસંત કુંવરબા સ્કૂલના બાળકોને આજે વાહકજન્ય રોગચાળા સામે જાગૃતિ માટે મચ્છરોના પોરાનું નિદર્શન મનપા આરોગ્ય તંત્ર દ્વારા કરાયું હતું.








## ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણી

ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણીનો દીપ -ગટ્યથી -રંભ કરાવતા રાજયના નાણા, ખાણ-ખનીજ અને કુટિર ઉદ્યોગ મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતુ કે, કારીગરો એ ગુજરાતની હસ્તકલા કારીગરીની તાકાત છે અને તેમના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર સતત -યત્નશીલ છે. મંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજયે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના માર્ગદર્શન હેઠળ કારીગરો-કસબીઓનાં સર્વાંગી વિકાસ માટે અનેક યોજનાઓ ઘડી છે. એટલું જ નહી કેટલીક યોજનાઓમાં કારીગરોના હિતને ધ્યાને લઈ ફેરફારો પણ કર્યા છે. તેમણે કલાકારો-કસબીઓને બજારની જરૂરિયાતને ઓળખવાનો અનુરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે, વધુને વધુ ટેકનોલોજી અને અદ્યતન ડિઝાઈનો અને કલર કોમ્બીનેશનનો ઉપયોગ કરી ગુણવત્તા નિર્માણ દ્વારા ઉત્પાદનોની માંગ ઉભી કરવી જોઈએ. હવે વિશ્વ આખાને બજાર બનાવવા કારીગરો-કસબીઓએ વધુને વધુ સક્ષમ બનવું જોઈએ. મંત્રીશ્રી જણાવ્યું હતું કે, દેશમાં ઉત્પાદન કરી દુનિયામાં માલ વેચવાના સંકલ્પ સાથે વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મેક ઈન ઈન્ડિયા યોજના શરૂ કરી છે ત્યારે કારીગરોએ દુનિયાના બજારમાં ઉભા રહેવા વધુ સ્પર્ધાત્મક અને ગુણવત્તાલક્ષી બનવા તેમણે અનુરોધ કર્યો હતો.



(તસવીર : કશ્યપ નીમાવત)

મહાત્મા મંદિર પાસે 'ગ' રોડને અડીને એક મોટુ વૃક્ષ છે. જેની ફરતે ઓટલો બનાવવામાં આવ્યો છે. સવારથી જ અહીં કોલેજ નજીક હોવાથી વિદ્યાર્થીઓ અહીં બેસી વાંચતા નજરે પડે છે. ક્યારેક કોઈ ફરી ફરીને ધંધો કરનારા ફેરીયાઓને પોરો ખાવાનું સ્થળ બને છે. ખરેખર ઝાડ નીચેની શાતા કેવી હોય તે જોવા જેવી છે.

# શહેર-જિલ્લા અનુ.જાતિ મોરચાના કન્વીનરો નિમાયા

ગાંધીનગર, તા. ૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ આજે ૨૦ જિલ્લા સમિતિના અનુ. જાતિ સેલના ચેરમેનોની નિયુક્તીની ઘોષણા કરી છે.

ગાંધીનગર જિલ્લા અનુ. જાતિના મોરચાના કન્વીર તરીકે શ્રી જગદીશભાઈ મૂળજીભાઈ પરમાર તથા ગાંધીનગર શહેરના કન્વીનર તરીકે મનપાના કાઉન્સીલર શ્રી અશોક શ્રીમાળીની વરણી કરી છે.

આ ઉપરાંત સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, અરવલ્લી, આણંદ, ગીર-સોમનાથ, રાજકોટ, અમદાવાદના પણ આ સેલના કન્વીનરોની નિમણુંક કરવામાં આવી છે. આ કન્વીનરોની નિમણુંક તાત્કાલિક અસરથી કરવામાં આવી છે. તેઓ તેમના નવા હોદ્દાનો ચાર્જ પણ ઝડપથી સંભાળી પક્ષના સંગઠ્ઠનને મજબુત બનાવવાના કાર્યમાં જોડાઈ જશે તેમ પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.



## આ ગલે લગ જા... ૨૬ વર્ષે મિત્રો ભેટ્યા

ગાંધીનગરની ૧૯૮૯ની કોમર્સ બેચના વિદ્યાર્થીઓ ૨૬ વર્ષ બાદ આ ફ્રેન્ડશીપ ડે ના દિવસે એકબીજાને પ્રેમથી ભેટ્યા. મુંબઈ-ગાંધીનગર-અમદાવાદ સહ અન્ય સ્થળેથી ૫૮ વિદ્યાર્થીઓ વડોદરાના રિસોર્ટ પર ભેગા થયા. ગાંધીનગરના ૨૨ મિત્રોને શૈલેષ મુન્શીએ ભેગાં કર્યા, તો મુંબઈની જીજ્ઞાસા કોટડીયાએ ઑવરઓલ કોર્ડિનેશન કરી બધાને ભેગા કરવાનું ભગીરથ કાર્ય કર્યુ. રાજકોટથી સી.એ. અશોક કક્કડ, ભરૂચથી શૈલેષ દિક્ષિત... એમ બધાં જ કોમર્સના ૫૮ જણાએ એકબીજાને ભેટીને ખરા અર્થમાં ફ્રેન્ડશીપ ડે સેલિબ્રેટ કર્યો... રોજબરોજની વ્યસ્તતા વચ્ચે જુના મિત્રોને મળવાથી અચાનક સૌની બેટરી ચાર્જ થઈ જતી હોય છે.

# ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા ઈમીગ્રેશન લોયર ડૉ. સુધીર શાહનું વક્તવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૭

યુવાનોને વિકાસની અપ્રતિમ તકો માટે હંમેશા વિદેશ જવાનું ઘેલુ લાગેલું હોય છે. તેઓ કેટલીક લોભામણી જાહેરાતોથી છેતરાય છે જેની અસર ગુજરાતના યુવાનોને પણ થાય છે. જેમાં એજન્ટ યુવાનોને લાલચ આપી તેમની સાથે છેતરપિંડી કરે છે જેના ભોગ ગાંધીનગરના યુવક-યુવતીઓ ના બને તે માટે તાજેતરમાં મુંબઈના ખ્યાતનામ ઈમીગ્રેશન લોયર ડૉ. સુધીર શાહના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ. સુધીર શાહે તેમના વક્તવ્યમાં અમેરિકામાં અભ્યાસાર્થે કઈ રીતે જઈ શકાય તે વિશે માહિતી આપી હતી. અમેરિકામાં જવા માટે જરૂરી એફ-૧ વિઝાની અરજી કઈ રીતે કરવી તથા તેમાં કઈ બાબતો ધ્યાનમાં રાખવી તેનું માર્ગદર્શન આપ્યું હતું. અમેરિકામાં રહેલી ટોપ ટેન યુનિવર્સિટી વિશે સંપુર્ણ માહિતી આપી હતી અને તેમાં કેવી રીતે એડમીશન લેવાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. કેટલાક વિઝા કેવી રીતે રદ થયા હતા તેનો ઉદાહરણ ટાંકી તેમાં રહેલી ઉણપ દર્શાવી હતી. તે ઉણપો કેવી રીતે પુરી શકાય તેવીશે ચર્ચા કરી હતી. ઉદ્‌ગમના મેન્ટર આશાબેન સરવૈયાએ યુએસ વિઝા અંગે પોતાના અનુભવની વાત કરતા પ્રશ્નોત્તરી માટે હાજર યુવાનોનો સંકોચ દૂર થયો હતો. અંતે પ્રશ્નોતરીમાં હાજર યુવાનોના પ્રશ્નોનું ડૉ. સુધિર શાહે સુચારુ માર્ગદર્શન આપ્યું હતું.

ઉદ્‌ગમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોશીએ ઉદ્‌ગમની સામાજિક પ્રવૃત્તિની માહિતી આપતા સેમિનારના ઉદેશ્ય અંગે વાત કરતા સહુનું સ્વાગત કર્યું હતું. ઉદ્‌ગમના મેન્ટર આશાબેન સરવૈયાએ ડૉ. સુધિર શાહને મોમેન્ટો આપી તેઓનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉદ્‌ગમ ટ્રસ્ટના મહિલા પાંખના માનદ નિયામક સુશ્રી પરમજીત કોર છાબડાની અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમમાં ડિરેક્ટર તરીકે વરણી થતા તેમને ડૉ. સુધિર શાહના હસ્તે રેંટિયો જે ગતિ અને પ્રગતિનું પ્રતિક છે તે આપી ઉદ્‌ગમ ટ્રસ્ટ વતી સન્માનિત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા સમગ્ર કાર્યક્રમના આયોજનમાં ઉદ્‌ગમના સંજય પ્રજાપતિ, રાજન ભાટલા, ધવલ પ્રજાપતિ, જીગ્નેશ પ્રજાપતિ, મેહબૂબ અજમેરીએ સહયોગ પુરો પાડ્યો હતો.






# જીએસએફસી યુનિવર્સિટીનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૭

જીએસએફસી વડોદરા ખાતે સાકારિત થઈ રહેલી જીએસએફસી યુનિવર્સિટીનું ઉદ્‌ઘાટન ૩-૮-૨૦૧૫ના રોજ ગુજરાત રાજયના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને શ્રી સૌરભભાઈ પટેલના વરદહસ્તે




ટ્રેઈનીંગ ઈન્સ્ટિટ્યુટ, ફર્ટીલાઈઝરનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઘણા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

જીએસએફસી યુનિવર્સિટીને ગુજરાત ખાનગી યુનિવર્સિટી તરીકે માન્યતા મળેલી છે. (બીજા એક્ટ-૨૦૧૪) આ યુનિવર્સિટીનું વિઝન સંશોધન આધારિત યુનિવર્સિટી તરીકે સુસ્થાપિત થઈ સંશોધનને વેગ આપવાનું છે, જેથી વિશ્વ જેની અપેક્ષા રાખે છે તેવી માનવ મુડીના વિકા અને શ્રેષ્ઠ કામગીરી માટેનું પ્લેટફોર્મ સ્થાપી શકાય.

શરૂઆતમાં જીએસએફસી યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ટેકનોલોજીમાં કુલ ૧૫૦ વિદ્યાર્થી હશે, જેમાં ૭૦ મિકેનિકલ અને ૬૦ કેમિકલ એન્જીનીયરીંગ શાખામાં પ્રવેશ આપવામાં આવનાર છે. તાજેતરમાં ટ્રેઈનીંગ ઈન્સ્ટિટ્યુટ ખાતે આ સત્રની શરૂઆત કરવામાં આવેલ હતી. તેમાં જરૂરી બધીજ સગવડ જેવી કે, વહીવટી સ્ટાફ અને ફેકલ્ટી માટેની ઓફિસ ઉપરાંત ઓડિટોરિયમ, વર્ગખંડો, લેબોરેટરી, કોમ્પ્યુટર સેન્ટર, લાઈબ્રેરી, કાફેટેરિયા, વાઈ-ફાઈ સાથે સુસજ્જ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે કંપનીના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટરશ્રી અને પ્રેસીડેન્ટ જીએસએફસી યુનિવર્સિટી ડૉ. એસ.કે. નંદા, આઈએએસ એ વિદ્યાર્થીઓને જાગૃત અને ક્રિયાશીલ રહેવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે જીએસએફસી યુનિવર્સિટી ઘણીજ સારી અને પ્રોત્સાહિત છે અને વિદ્યાર્થીઓને સારી શૈક્ષણિકતા તેમજ ઉદ્યોગોમાં પ્રેક્ટીકલ પ્રાપ્ત કરવાની તક મળશે. તેમણે જણાવ્યું હતું કે જીએસએફસી યુનિવર્સિટી દુનિયાની શ્રેષ્ટ યુનિવર્સિટી છે.

# ચિલોડામાં ડભોડા વિભાગના દૂધ ઉત્પાદક મંડળીના હોદ્દેદારોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૭

ડભોડા વિભાગની ૩૦ દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેન તેમજ મંત્રીઓની બેઠક તાજેતરમાં ઓમ લેન્ડમાર્ક શાળામાં યોજાઈ હતી. આ બેઠકમાં તાત્કાલિક ભાવ ફેરની રકમ ચૂકવી આપવા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જ્યારે પ્રાંત અધિકારીએ આપેલા બે અભિપ્રાયો અંગે ચર્ચા-વિચારણા પણ કરવામાં આવી હતી. આગામી ચૂંટણીમાં પણ ભાગ લેવા અંગે ભાર મુકવામાં આવ્યો હતો.

# મોઝામ્બિકના રાષ્ટ્રપ્રમુખ શ્રીયુત ફિલિપ ન્યુસીને રાજભવન ખાતે સત્કારતા રાજયપાલશ્રી

ગુજરાતની મુલાકાતે આવેલા -જાસત્તાક મોઝામ્બિકના રાષ્ટ્ર -મુખ શ્રીયુત ફિલિપ ન્યુસી ગઈકાલે સાંજે રાજભવન ખાતે આવી પહોંચતાં ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ તેમનું ઉષ્મા ભર્યુ સ્વાગત કર્યુ હતું. આ -સંગે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તથા શ્રીમતી અવિનાશ કોહલીએ પણ શ્રીયુત ફિલિપ ન્યુસીને સત્કાર્યા હતા.

મોઝામ્બિકના રાષ્ટ્ર -મુખના માનમાં રાજયપાલશ્રીએ યોજેલા રાત્રી ભોજન સમારંભમાં સુશ્રી ઈસૌરા ફેર્રાઓ ન્યુસી, શ્રીમતી અવિનાશ કોહલી, મોઝામ્બિક -તિનિધિ મંડળના સભ્યો, રાજયમંત્રી મંડળના સભ્યો તથા રાજય સરકારના વરિષ્ઠ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.



## નિફ્ટની મુલાકાતે સી.એમ. પટેલ નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ

મહિલા સશક્તિકરણ અંતર્ગત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગની વિદ્યાર્થીનીઓએ આજે મહિલા શિક્ષણ દિવસની ઉજવણી કરી હતી. જેમાં ૧૦૦ વિદ્યાર્થીનીઓએ નિફટ સંસ્થાની મુલાકાત લીધી હતી. રાજ્ય સરકાર દ્વારા હાલ રાજયભરમાં મહિલાઓને સશક્ત બનાવવા માટે મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીમાં ૧૫ દિવસ વિવિધ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે ઠેર ઠેર મહિલા શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.